श्री

ाकोर निराश्रित गौरक्षक फंड (पांजरापोळ) संबंधी
अने द्विमासिक आवकनी हकीकत.

ગિતિ.

વ્હારે ધાઓ વીરા, ગાયોનાં દુઃખ અતિ અંતર આણી;
પરમ પદારથ પામો, શેવા સુખકર ગોમાની જાણી.

પ્રસિદ્ધ કરનાર.

શ્રી ડાકોરની. ગોરક્ષક ફંડના સેક્રેટરી.

શાહ. ચંદુલાલ બાપુલાલ ધરીઆ. ડાકોર.

સને ૧૯૧૦ સંવત. ૧૯૬૭

પ્રત. ૨૦૦૦ કીંમત. ફ્રી.

ા “સત્યવિજય પ્રિન્ટિંગ પ્રેસ” માં શાહ. સાંકલચંદ હરીલાલે
છાપ્યું. ઠે. પાંચકુવા નવાદરવાજા—અમદાવાદ.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ

શાર્દૂલ વિક્રીડિત છંદ.

[illegible] અપાર તારક વળી આધાર આ દેશનો,
તેનું જો પ્રતિપાળ થાય ભરતે આભાર માનું ઘણો;
જાચું હું નરવીર મૌક્તિક મણી જે હિંદ આધાર છે,
જેઓના હૃદયેજ (દેશ) દાઝ વસતી તેને નમસ્કાર છે. ૧

આગે આ હતી શ્રેષ્ટ ભોમ જબરી નામે મહાભારતી,
થાતો જ્યાં બહુ કેર ત્રાસ ગઊને યવનોથી ઉગારતી;
છે તે આજપિ એજ ભારતમહી ગાયોતો લાચાર છે,
જેઓના હૃદયેજ (દેશ) દાઝ વસતી તેને નમસ્કાર છે. ૨

કહેવી કોની પાસ વાત દુઃખની હૈયેજ હોળી બળે,
દેખીને ગઊ દુઃખ નિત્ય નજરે શ્રોણીત આ ઉકળે;
છે કોઈ સખીમર્દ દર્દ હરિને આશિષ લેનાર કે?
જેઓના હૃદયેજ (દેશ) દાઝ વસતી તેને નમસ્કાર છે. ૩

બાંધીને તલવાર ઢાલ કમરે સંગ્રામે જાતું નથી,
કાપીને કંઇ શત્રુસૈન્ય સમરે રક્તોથ ન્હાવું નથી.
કાનુનો પરતાપ જુધ કરવા જે કોઇ ન્હાનાર છે,
જેઓના હૃદયેજ (દેશ) દાઝ વસતી તેને નમસ્કાર છે. ૪

શાસ્ત્રોમાં સહુ સાર એજ મળશે શોધો સુખે સર્વથી,
ગાયોની પરમાર્થ પ્રીત કરતાં આશિષ પામો અતિ;
સૌ થાશે નિજ સ્વાર્થ કામ સઘળાં પરમાર્થ દાતાર છે,
જેઓના હૃદયેજ (દેશ) દાઝ વસતી તેને નમસ્કાર છે. ૫

સૂતા શું ભરનિંદ આળસ કરી કયારે વિરો જાગશો,
શું ન્હાના બની બિકણુ ધરવસ્યા ક્યારેજ મોટા થશો;

गूजरात विद्यापीठ ग्रंथालय

| [illegible] |

अनुक्रमांक ३२२५ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय [illegible]

કુએ આ નિજ દેશ ધેનુ–દુઃખથી શું કાંઇ આધાર છે,
જેઓના હૃદયેજ (દેશ) દાઝ વસતી તેને નમસ્કાર છે. ૬
લક્ષાધિશ હજાર લાખ મળશે કુલીન આ હિંદમાં,
મારીને ખુબ મોજશોખ ફરતા લાલી મુખારવિંદમાં;
ખરચે છે નિજ દામ નામ અર્થે નિર્માલ્ય હંકાર છે,
જેઓના હૃદયેજ (દેશ) દાઝ વસતી તેને નમસ્કાર છે. ૭
કીધા છે ઉદ્દગાર સાર જન કને દેશોન્નતિ કારણે,
હ્રદેમાં ઘણી હોંસ આશ ઉપજી ઉભો છું આ બારણે;
હે સર્વજ્ઞ સમર્થ સૃષ્ટિ કરતા તારોજ આધાર છે,
જેઓના હૃદયેજ (દેશ) દાઝ વસતી તેને નમસ્કાર છે. ૮

Mr. Amratlal Anopram of Dakor has started. I am very glad to see an asylum for cattle. He deserves very great credit for the enterprise which he is carrying on at his own cost too.

Too much credit can not be given to him for this selfsacrifice. He deserves special encouragement for the work taken in hand.

Dakor }
10-2-07 }

(Sd). S. Padamji.
A. Disst. Judge.

(Sd). Narayan Dajiba.
Station Master—Dakor.

સંવત ૧૯૬૭ ના કારતક માસની આવક

વારગુરૂ સુદ ૧ તા. ૩ નવેમ્બર સન. ૧૯૧૦

નામ.	ગામ.	રૂ.	આ.	પા.
સુતાર. નાથાભાઇ ખુશાલભાઇ.	નાર	૧	૦	૦
પટેલ. પુંજાભાઇ નાથાભાઇ.	ઉમેર	૧	૦	૦
પટેલ. કીશોરભાઈ લાલદાસ.	વરદલા	૧૦	૦	૦
દેશાઇ. મરગાભાઈ નરસીભાઈ.	નડીઆદ	૨	૦	૦
બાઈ મણી. નાગર.	પેટલાદ	૧	૦	૦
પટેલ. મનોરભાઇ વેણીદાસ.	બોચાસણ	૧	૮	૦
પટેલ. શીવાભાઇ મથુરભાઈ.	,,	૧	૦	૦
પટેલ. ખુશાલભાઈ ધરમદાસ.	સંદેસર	૮	૦	૦
શા. પુંજાભાઇ કેશવલાલ.	આણંદ	૧	૪	૦
લવાણા સવચંદ દલીચંદ.	વસો.	૧	૦	૦
શા. ગોરધનદાસ છગનલાલ.	અમદાવાદ	૧	૪	૦
શા. મગનલાલ હીરાચંદ	નડીઆદ	૧	૦	૦
પા. પરભુદાસ રણછોડદાસ.	આનંદપરૂ	૨	૦	૦
પા. નથુભાઇ દલુભાઇ.	,,	૦	૪	૦
કાછીઆ. બાઇ ઉજમ.	નડીઆદ	૧	૦	૦
પા. હરીભાઇ શંકરભાઇ.	વરદલા	૫	૦	૦
પા. નાથાભાઇ મુળજીભાઇ.	સોજીત્રા	૧	૧૨	૦
પા. જવેરભાઈ નારણભાઇ.	સુણાવ	૧	૦	૦
ગાંધી. નારણદાસ જેઠાભાઈ.	નડીઆદ	૧	૦	૦
ઠકર. જગજીવન રઘનાથ.	માતર	૧	૦	૦
શ્રી. ધ્રાંગધ્રા પાંજરાપોળ.	ધ્રાંગધ્રા	૩૫૦	૦	૦
રજપુત. નાગજી પરબત.	રનાડા તા. આમોદ	૫	૦	૦
		૩૯૮	૦	૦

નામ	ગામ.	દાણાની જાત.	મણ.	શેર
શા. કેશવલાલ મોતીલાલ.	ડાકોર	કંસાર	૦	૨૦
પરી. જેઠાલાલ ગીરધરદાસ.	ઉમરેઠ	કંસાર	૨	૦
બાઇ ડાહી જેઠાભાઈ હીરાભાઇની વીધવા.		કંસાર	૧	૧૫
બાઈ રૂક્ષમાણી. શા. મોહનલાલ વનમાળીની વીધવા.	ગોલાધરા	મઠ	૪	૦
	ના. વાઘરા	મીઠું	૦	૧૦
બાઈ શીવ.	નવાપુરા	કંસાર	૦	૧૪
			૮	૧૯

શ્રી ધ્રાંગધ્રા (પાંજરાપોળ) માંથી ઢોર પાડા તથા આખલા. ૧૨૦.

શ્રી પેટલાદને. [પાંજરાપોળ] માંથી પાડા—નં—૧૫

,, ભેસ. નં. ૧

ઘેટા નં. ૨ છોડાવ્યા.

કુલ. ૧૩૮

શ્રી ફરતી પેટીની આવક કુલે. રૂ. ૨૨–૧૧–૩

માગસર માસની આવક.

નામ.	ગામ.	રૂ.	આ.	પા.
શ્રી. દરબાર ગણપતસીંગજી રાયસીંગજી	ઉમેટા	૫૦	૦	૦
માણેકલાલ મથુરભાઇ.	કપડવણજ	૧	૪	૦
ઠક્કર. જીભાઈ બેચરભાઈ.	દેથરી તા. માતર	૧૦	૦	૦
સોની. કાળીદાસ મોતીરામ.	ચીખોદરા	૨	૦	૦
પા. રઇજીભાઇ તળજાભાઇ.	કોયલી	૦	૮	૦
પા. મોતીલાલ નારણભાઇ.	ડભાસી	૦	૪	૦
પા. પુંજાભાઇ નાથાભાઇ.	ઉમ્બર	૧	૦	૦
પા. ભગવાંન હીરાભાઈ	સમની તા. આમોદ	૧	૦	૦
શ્રા. બાઇ સુરજ સાંમળ પ્રભાશંરની વીધવા.	મહેમદાવાદ	૧	૪	૦
શા. છોટાલાલ માણેકલાલ.	સંખેડા	૦	૪	૦
		૬૭	૮	૦
રેલ્વેમાં ફરતી પહોંચની આવક.				
ખુશાલ અંબારામ ઉ. રા. રા. પે. નાં	વીસનગર	૦	૮	૦
પા. નારણભાઇ જેઠાભાઈ ,,	ખંભાત	૦	૮	૦
એક ગૃહસ્થે. ઉ. રામનાથ રામદાસ પેટીમાં—નાંખ્યા	સુરત	૦	૮	૦
ભાટીઆ. ભગવાનદાસ હીરાલાલ. ,,	મુબાઈ	૦	૮	૦
ઉદેરામ અને ગણપત લાલજી. ,,	,,	૦	૪	૦
		૨	૪	૦

નામ.	ગામ.	દાણાની જાત.	મણ.	શેર
ઠક્કર. જીભાઇ બેચરભાઇ.	દેથરી	મઠ	૧૨	૦
શા. છોટાલાલ ગીરધર.	ગોલાધર	મઠ	૩	૨૦
સોની. ફુલાભાઇ ઇશ્વર.	રાશ તા. બોરસદ	મઠ	૪	૦
મોચી. ગોપાલ ગોવીંદ.	પાદરા	મઠ	૨	૧૫
બાઇ રતન.		મીઠું	૦	૫
	કેરોલ	મઠ	૨	૦
પા. જીજીભાઇ અજુભાઇ	માતર મીઆં	મઠ	૩૨	૦
		મીઠું	૦	૨૫
શા. છોટાલાલ પાનાચંદ વિગેરે	ટીંબાગોડ	ડાંગર	૧૧	૦
શા. નાથાભાઇ હીરાભાઈ.	વડોદરા	મઠ	૧	૨૦
રાય. છોટાલાલ લખમીદાસ.	સાવલી	મઠ	૧૩	૦
પા. ભઇજી વાસણ.	કાંગેલી	મઠ	૦	૨૦
મહાત્મા હરીદાસ.	હાલ ડાકોર	મઠ	૧	૦
શા. છોટાલાલ અંબાલાલ	પેટલાદ	મઠ	૦	૨૦
			૮૪	૫

પાં. વાઘજીભાઇ કુંવરજી. ધરમજ રૂ. ૨॥ નું ઘાસ.

ગાંસડી બે નંખાવી છે.

શ્રી. ફરતી પેટીની આવક કુલ. રૂ. ૬૬-૮-૬ પાઇ.

ખાસ સુચના.

આપ વિચારવંત પુરૂષોને વિદિત કરવામાં આવે છે કે ઉપર જણાવ્યા પ્રમાણે દરમાસે આ ગૌરક્ષક ફંડમાં આવક છે તો તે સબંધી કહેવાનું કે આ ગૌરક્ષક ફંડમાં લગભગ ચારસો મોટા જીવ છે તો તેઓને માટે ફક્ત નોકર પગારમાંજ ૧૨૮–૦–૦ રૂપીયાનું ખર્ચ થાય છે તો તે સિવાય બીજું કંઇ ખરચ એટલે ઘાસ દાણા વીગેરેમાં ખરચ થતુ હશે કે કેમ તે વિચારશીલ સજ્જન પુરૂષોની મુનેસફી ઉપર મુકું છું.

ઉપર પ્રમાણે આપની ધ્યાનમાં આવ્યું હશે કે આવક કરતાં ખરચ વધારેજ થાય છે તો તે ખરચ સ્થાપક શ્રીયુત્ મહેતા. અમૃતલાલ અનોપરામ ઉર્ફે આફલાતુન તરફથી આપી તેનો નિભાવ કરવામાં આવે છે તેથી ઘણા દ્વેશીલા માણસો સ્થાપકની સારી લાગણી જોઇ તથા ગરીબ સ્તીથીમાં આ ગૌરક્ષકફંડ સારા પાયા ઉપર ચાલતુ જોઇ કેટલાક નિંદક કસાઇઓ દ્વેશ રાખી દયાળુ સજ્જનોના મ્હોડે આડુ અવળુ ભરમાવી દુષ્ટ બુદ્ધિથી વર્તે છે તેથી ધરમાત્માઓનાં મન ફરી જાય છે પણ તેઓના બોલવા તરફ લક્ષ નહી કરતાં વિચારવંત પુરૂષો વિચાર કરી તેવું બોલનાર દુષ્ટોના ઉપર લક્ષ આપશે નહિ. પણ ખાસ વિચારશો કે ઉપર પ્રમાણે ખર્ચ નીભાવતાં મુગા પ્રાણીઓના મકાન સબંધી બીલકુલ સધવડ થઈ શકતી નથી તેથી આપ સજ્જનોને વિનંતી કરવાની કે સદરહુ પ્રાણીઓને માટે મકાનની સગવડ નહી હોવાથી તાઢ તાપ અને વરસાદનું મહા દુઃખ પડે છે તેથી

મકાન બંધાવવા માટે ખાસ લક્ષમાં લેઇ બનતી મદદ કરવામાં વિનંતી કરવામાં આવે છે. જો કે આપનાથી વિશેશ ન બને તો પુલ નહી પણ પુલની પાંખડી આપી તેને આશ્રય આપશો કારણ કે કાંકરે કાંકરે પાળ બંધાય અને ટીપે ટીપે સરોવર ભરાય તે મુજબ આપની શક્તિ અનુસાર દ્રવ્યની મદદ કરશો અને તે ઉપરાંન્ત આપની જીભથી કે હાથથી મદદ કરશો જેથી એ મુગાં પ્રાણીઓનું દુઃખ જલદીથી દુર થશે અને આપને ખરા અંતઃકરણથી આર્શિવાદ આપશે માટે દયાળુ ગૃહસ્થો બનતી મદદ આપવા ચુકશો નહી-દયાળુ ધરમાત્માજનો આ લખાણ ઉપર વિચાર કરી મુગાં પ્રાણીઓની વ્હારે ધાશો. અને દુઃખ દુર કરશો તેથી સદાને માટે પરમાત્મા તમોને સુખ આપશે.

ગિતિ.

આ સ્તુતિ અંતર લહીને, શ્રદ્ધા ધારી જોવ્હારે ધાશે;
પામે સુખ સુખ સંપત, અંતે તે જન પ્રભુપદમાં જાશે.

હાલમાં મકાનની આવશ્યકતાને લીધે પેટીઓ ફેરવવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. તો તે તરફ લક્ષ આપી બનતી મદદ કરશો વળી જે ગૃહસ્થ પોતાની લાગણીથી આ ગૌરક્ષક ફંડની પેટી મંગાવી પોતાના ગામની અંદર ચોડી મદદ કરશો તો આપનો મહાન ઉપકાર થશે.

આ ગૌરક્ષક ફંડમાં જે જે આશ્રયદાતાઓએ અત્યાર સુધી આશ્રય આપ્યા છે તેમનાં નામ હાલ છપાય છે તે થોડા વખતમાં બ્હાર પાડવામાં આવશે.

श्रीपरमात्मनेनमः

ખરૂં પરમાર્થ કરવાની.

સુચના.

ધરમાત્માઓ ! હાલમાં અનેક પ્રકારે ધર્મ કરવાને સૌની ઇચ્છા આમ છે. પણ અનેક પંથો ને પ્રપંચ માર્ગમાં ફસાઇ ગયાનું સાંભળી નાણાં ખર્ચનારા પાછળથી પસ્તાય છે. આ શ્રી રણછોડરાયજી મહારાજનું પવિત્ર સ્થાન તેમાં હર હમેશ ઘણા જાત્રાળુ આવે છે તેમને ઘણા બ્રાહ્મણ, સાધુ, વેપારી અને નોકરો સૌ પોત પોતાનાં કાર્ય અથવા જ્યાં વલણ હોય તેવી જગાઓ જાણે પરોક્ષ હોય તેવા ડોળથી બતાવે છે ને તેમાં પૈસા ખર્ચાવી દેછે તેથી ધર્મ કરનારને યાદ રાખવા સારૂ આ સુચના પ્રસિદ્ધ કરી છે કે " **अहिंसा परमो धर्म** " કોઇ પણ પ્રાણીની હિંસા થતી અટકાવવી. વળી કોઇના આત્માને દુઃખ થતું નિવારણ કરવું એ મુખ્ય ધર્મ છે, તો એ બધામાં ગાયમાતા જે પરમ-પાવની, સુખનો સાગર, અમૃતનો ઝરો, દેશને આબાદી આપનાર, તે ગાયમાતાનું પાલન પોષણ કરવું તે તેમના જીવન તથા ખાન પાનમાં નાણું, દાણા, ઘાસ અપાવવું તે ઉત્તમ ફળ છે.

આ ડાકોર ક્ષેત્રમાં " શ્રી ડાકોર નિરાશ્રીત ગૌરક્ષક ફંડની ગૌ-શાળા (પાંજરાપોળ) એ નામની ગૌશાળા છપ્પનના દુષ્કાળનો પ્રસંગ જોઇ મેહેતા અમૃતલાલ અનોપરામ ઉર્ફે આફલાતુનો સ્થાપી છે. તે સ્ટેશનપર જવાની સડકપર છે ઘણા જીવો તેમાં છે. લુલાં, લંગડાં.

પ્રાણી, ગાય, આખલા, પાડા. કુતરાં, બકરાં કબુતર, વિગેરે જથાબંધ નિરાધાર જાનવર તેમાં રહે છે. ને કાંઇપણ કર લીધા સિવાય તેમાં રાખવામાં આવે છે. ને ઇશ્વરકૃપાથી—ધરમાત્માના પુણ્યે નિભાવ સારો થાય છે. મઠ, ગવાર, કપાસ, ઘાસ, રોકડ કે કંસાર અથવા જેમને જે કાંઇ આપવું હોય તે લેવામાં આવે છે તેમ મકાન બંધાવી આપવા ઇચ્છા હોય તો તેમણે તે વિશે બંદોબસ્ત કરવો. સર્વે શ્થળ કરતાં આ ગૌશાળામાં આપે અધિક પુણ્ય થાય, તેમાં ખરૂં પરમાર્થ છે. ગાયની શેવા કરવાથી ધર્મની વૃદ્ધિ ને દેશની આબાદી છે. આ દેશનો મુખ્ય આધાર ખેતી વડે છે. ગાય અને તેનો પરીવાર સુખી હોય ને તેની વૃદ્ધિ હોય તો માણસને તેના દુધ, ઘી વિગેરેથી તેમ ખેતી થતાં અનાજથી પુષ્કળ સુખ થશે એ સુખવાસ્તે રાજા, મહારાજા સદ્ગૃહસ્થો ને પ્રજા સર્વેએ પોત પોતાના તનમનથી લક્ષ રાખવું જરૂરનું છે.

હાલ આપણાપર પરમેશ્વરે કૃપા કરી નેકનામદાર શાહેનશાહ પાંચમા જ્યોર્જ જેવા ઉદાર મહારાજા આપ્યા છે કે તેમના અદલ ઇન્સાફ ને શાન્તિ ભરેલા રાજ્યથી આપણા ધર્મનું તથા દેશનું આપણે હિત વિચારી ગોશેવા બજાવવા તત્પર થયા છીએ તે ઉપકાર મહારાજા અંગ્રેજ સરકારનો છે. માટે ઠામ ઠામે—ગામો ગામે , ગોસેવા કરવી, તેમ તેની વૃદ્ધિ ને આબાદી થાય તેમ ધર્મ કરવું. તથા હિંસા થતી અટકાવવી ને આવા પરોપકારી કાર્યમાં સર્વે મદદ આપશે એવી હું આશા રાખુછું. એજ વિનંતી.

આ ગૌશાળામાં છપ્પનની સાલે ઘણા બારીક સમયે કોઇએ હીંમત ધાલી નહી તેવે સમયે શ્રીયુત મેહેતા અમૃતલાલ અનોપરામ ઉર્ફે આફુલાતુને પોતાનો આત્મભોગ આપી તનમન ને ધન સઘળું અર્પણ કરી સ્થાપી અને દરવર્ષે એ ગૌશાળાના ખર્ચમાં ખુટતી રકમ તેઓ

આપી નીભાવે છે. તેમ સ્વારથીયા લોકોથી તે દબાતા નથી તથા ઘણા તેજ દ્વેશ રાખી નિંદક કસાઇઓની માફક આડુ અવળું બોલી લોકોને સમજાવે છે, તેથી વિવેકીઅને વિચારવંત પુરૂષો તે વાત ઉપર લક્ષ નહી આપતાં આ ગૌશાળાને મદદ આપશો. તેમ તેઓએ સને ૧૯૦૭ ની સાલે આ ગૌશાળાનો વહીવટ મહેતા પ્યારેલાલને કુલ મુખ્તીયારી-એ સોંપી દીધલો છે તેમ તેના ઉપર અમદાવાદ વિગેરેના ગૃહસ્થો નીમ્યા છે માટે ગૌશાળા સંબંધી જેને જે ખુલાસો જોઇતો હોય તે-ઓએ અમદાવાદમાં ફુડીયા ચીમનલાલ દલપતરામને કાલુપુર લખવું.

ગરબી.

બલિહારીરે ગૌરી ગાય, ગુણ તુજ સંભાળું,
તુજ સેવાથી સુખ થાય, પ્રેમ કરી પાળું. ટેક.

તુજ સેવામાં સુખ છે સઘળું, પય માખણ ધૃત સાર રે;
આનંદ ઉપજે ખાતાં ખાંતે અમૃત સરખો અહાર. ગુણ૦ ૧

ધન્યભાગ્ય ગાયો જેને ઘેર, સર્વે લીલા લ્હેર રે,
બાળકડાં બળવાન બનાવે, માધવની બહુ મે'ર. ગુણ૦ ૨

પાતઃકાળે સૂતાં ઉઠી, નિરખે ગાયનાં મૂખ રે,
ગંગા સ્નાનતણું ફળ પામે, અંતર ઉપજે સુખ. ગુણ૦ ૩

આંગણીએ બાંધેલી ગૌની, ઉડે પગની ધૂળ રે,
પાવન ઘર થાએ બહુ તેથી, પાવન તન પટકુળ. ગુણ૦ ૪

ગૌપુજન નિત પ્રેમે કરતાં, ભગવત રાજી થાય રે,
ધન સંપત્તિ સુત સર્વે પામે, દિલનાં દુઃખ દળાય. ગુણ૦ ૫

એમ અતિ સુખદાતા જાણો, ગાય ધર્મને ધન રે,
અમૃતલાલ કહે મુર્ખ એથી, પામો સ્વર્ગસદન. ગુણ૦ ૬

હરિગીત છંદ.

આજે દીસેછે દેશમાં સુધારણા સુખ કારણે,
વળી ઠામઠામ વિશેષ લોકો ભાષણો મુખથી ભણે;
વિદ્યા ભણી વ્યાપાર વૃદ્ધિ કે કૃષી ખાંતે કરો,
પણ ગાયનાં દુઃખ ટાળશો તો એજ સુધારો ખરો. ૧
બહુ ગાયને સંભાળવાથી બળદ બળહદ ઉપજે,
તે બળદથી ખેતી થશે તો ધાન્ય અઢળક નીપજે;
જો ધાન્યના ઢગ નીપજે વ્યાપાર બહોળો ચાલશે,
શુભ ગાયની સેવા થકી સહુ સુખ ચાલ્યું આવશે. ૨
આધાર આખા દેશનો કૃષિકર્મ સત્ય જણાય છે,
પાકે નવું અન ભોમિથી સહુ લોક ખાંતે ખાય છે:
કૃષિ કર્મ કરવા કારણે શુભ બળદનો આધાર છે;
તે બળદને ગાયો નિપાવે તેથી ગો સુખકાર છે. ૩
વળી ગાય તો બહુ દૂધ આપે તેથી માખણ ગૃત બને,
આરોગતાં અમૃતસમાં પથ ગૃત અતી પુષ્ટી કરે;
બળ આપતું બહુ અંગમાં આરોગ્યતા આપે સદા,
એ સર્વ સુખદાતા ગણી ગોમાત સેવો સર્વદા. ૪
આરોગ્ય તન મન રાખવા બળ બુદ્ધિ વૃદ્ધિ ધારજો,
સહુ કાજ તવનું સફળ થારો ગાય ઘરમાં પાળજો;
બહુ વિર્યની વૃદ્ધિ કરી આયુષ અંગ વધારશે,
દહિં દૂધ ને ગૃત ચાખતાં ગો માત તમને પાળશે. ૫
સર્વે સુધારામાં પ્રથમ જો ગાયની ઉન્નતિ થશે,
ધન ધાન્ય ને ગૃત દૂધનો વ્યાપાર બહોળો જામશે,
સહુ સિદ્ધિ પામી સર્વદા જન મોજ મંગળ માણશો;
જયકાર જગમાં વાધશે જો ગાયનાં દુખ જાણશો. ૬

ગાયો ઉપર દયા કરવા સજ્જન લોકોને ભલામણ.

સવૈયા એકત્રીસા.

સજ્જન લોકો સ્હાય કરો આ ગાયો જગમાં ઘણી પીડાય,
અતિ ઉપકારી એ પ્રાણી પણ ઘાસ પાણી વિણુ બહુ ઘુંચાય;
અમુલખ રત્ન ઉદરમાં પાકે બળદ થકી સહુ જગ પોષાય,
સજ્જન શાણા સ્નેહ કરીને સુખદાતા સંભાળો ગાય. ૧

સતયુગમાં સૌ ધેનુ સેવો માને અધિક અધિક ઉપકાર,
પરમ પદારથ ધણે ગાયને આખા જગત તણો આધાર;
માંન્ધાતા રઘુ દિલિપ સરીખા ભૂપતિ સેવા કરે સદાય,
સજ્જન શાણા સ્નેહ કરીને સુખદાતા સંભાળો ગાય. ૨

નહુશ સરીખા નરપતિ નિત્યે શહસ્ત્ર ગાયનાં દેતા દાન,
કોટિક ધેનુ ઘેર રાખીને કરી સેવ આપે સનમાન;
ગો પાલક થાતાં જશ વાધે પુણ્યવંત જગમાં પરખાય,
સજ્જ શાણા સ્નેહ કરીને સુખદાતા સંભાળો ગાય. ૩

એહ અધિક મહિમા ગોધનનો શાસ્ત્ર પુરાણે જેની છાપ,
ગોપાળે ગોલોક સિધાવે સુખ આપે શ્રીકૃષ્ણ અમાપ;
સર્વ મનોરથ સિદ્ધ થાય છે ગાય સેવ ગુણવંત ગણાય,
સજ્જન શાણા સ્નેહ કરીને સુખદાતા સંભાળો ગાય. ૪

વળી દેહનું પોષણ થાતુ ગાય અધીક આપે પય ધાર,
ગૃત દધિ તક્ર સહુ સુખકારક જીવનનો જબરો આધાર;
પયગૃત જમતાં પ્રેમ ઉપજે સ્વાદ સરસ અમૃત પીવાય,
સજ્જન શાણા સ્નેહ કરીને સુખદાતા સંભાળો ગાય. ૫

ની ઉદરથી રત્ન નીપજે બળદ મહા બળવાન ગણાય.
કરે સહુ દેશ સુધારે જક્ત જીવાકણ જેહ ગણાય;
કાંધપર ધરી ધુંસરૂ બોજો લઇ પરદેશે જાય,
સજ્જન શાણા સ્નેહ કરીને સુખદાતા સંભાળો ગાય. ૬
એમ અધીક છે ગુણ ગાયના માનીસો અધિકા ઉપકાર,
પોતે પેટ ભરે વનવાસે આપે તમને પયની ધાર;
નડે નહી કોને એ માતા ઝાઝા જશ જગ માંહી જણાય,
સજ્જન શાણા સ્નેહ કરીને સુખદાતા સંભાળો ગાય ૭
કલ્પવૃક્ષ સમ કામધેનુએ માગ્યુ આપે મન પ્રમાણ,
સેવા કરતાં સુખ સહુ લાધે પામે પરમ પદારથ જાણ,
ખરો ધર્મ ગાયોનું પાલન શાસ્ત્ર વદે છે સત્ય સદાય,
સજ્જન શાણા સ્નેહ કરીનેં સુખદાતા સંભાળો ગાય. ૮
એહ ગાયનું પાલન કરવા શ્રી હરીએ લીધો અવતાર,
કૃષ્ણ રૂપ ધરિ વંદ્રાવનમાં ગાયો ચારી શ્રીગોપાળ;
વેણું વજાડી ઓઢી કામળી કરી સર્વદા ગૌ રક્ષાય,
સજ્જન શાણા સ્નેહ કરીને સુખદાતા સંભાળો ગાય. ૯
અગણિત ગુણવાળી ગોમાતા દયા કરો સહુ સજ્જન આપ,
દુઃખ ટાળો થઇ દીન ગાવડી ટાળો તન ધન થકી અદાપ;
દેશતણી સંપત એ મોટી આપે સહુને સુખ સદાય,
સજ્જન શાણા સ્નેહ કરીને સુખદાતા સંભાળો ગાય. ૧૦

શ્રી ડાકોર નિરાશ્રીત ગૌરક્ષક ફંડની ગૌશાળ

યાને (પાંજરાપોળ)

આ ગૌશાળા છેલ્લા છપ્પના દુકાળ પ્રસંગે બિચારાં નિરાધાર પ્રાણીઓને પડતાં દુઃખ જોઇ ડાકોરના રહીશ મેહેતા અમૃતલાલ નોપરામ ઉર્ફે આફલાતુને ડાકોરમાં સ્ટેસન જવાની સડક ઉપર ફન્ડ રાખી સ્થાપીછે. જેમાં સેંકડો જથાબંધ જીવો ગાય, વાછરડાં, આખલા કુતરાં, ઘેટાં, મરઘડાં, કબુતર ઇત્યાદિ જીવોનું સંરક્ષણ થાયછે. તેઓ પોતે તેની પૂર્ણ સંભાળ બરદાસ લેછે તથા યાત્રાળુ અને શ્રદ્ધાળુ ગૃહસ્થોની ઉદારતાથી તે કાર્ય ચલાવાયછે. અમદાવાદ ડીસ્ટ્રીકટ કોર્ટના જડજ પદમજી સાહેબ બહાદુર ડાકોર પધારેલા તેમણે એ ગૌશાળાના સ્થાપક અમૃતલાલનું કામ જીવોના પર પૂર્ણ દયા બરદાસનું જોઇ સર્ટીફીકેટ આપ્યું છે તથા એ ઉદાર ગૃહસ્થે તેમ બીજા ગૃહસ્થોએ ધર્માદા રકમ આપી ટેકો કર્યા છે. આ પાંજરાપોળમાં કાંઇ પણ રકમ લીધા સીવાય દુઃખી સુખી અપંગ જીવોને દાખલ કરી પાળવામાં આવેછે માટે ધરમાત્માઓને ખરૂં પુણ્ય કરવાનું આ સ્થાનછે. જીવો પુષ્કળ છે પણ મકાન બંધાએલું નથી તેથી ગૃહસ્થોએ તે પર લક્ષ લેવા જરૂરનું છે. ડાકોર ક્ષેત્રમાં આ સંસ્થા જરૂરી છે, "**અહીંસા પરમો ધર્મ**" જીવોને બચાવવાનું તે મોટામાં મોટું પુણ્ય છે. માટે દયાળુ ધરમાત્મા દાણા, રોકડ, કંસાર વિગેરે પોતાની શક્તિ અનુસાર આપી મદદ કરશો. આ ગાયોની પેટીમાં જે કાંઇ નાખશો તે તેનાજ ઉપયોગમાં વપરાયછે, ચાર આના અને તે ઉપરાન્ત આપનારને પહોંચ આપવામાં આવશે.

શાહ ચંદુલાલ બાપુલાલ ધરીયા.